# બી.જે.મેડીકલ કોલેજ,
# સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬
# **ભરતી જાહેરાત**

**તા.૧૦/૧૨/૨૦૨૧**

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૯/૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૨૦૨૧/એસએફએસ-૩૬૯-વ-જ પરિપત્રમાં દર્શાવેલ શરતોને આધિન અત્રેની સંસ્થામાં ઉપલબ્ધ કુલ અનુસ્નાતક બેઠકોની ૫૦% બેઠકો પર માસિક રૂા. ૬૩૦૦૦/- ના ફિક્સ વેતન સાથે જુનીયર રેસીડેન્ટ ડોકટરોની તદ્દન હંગામી અને કરારીય નિમણુક કરવાની થાય છે. તો ઉપરોક્ત જગ્યા માટે ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૯/૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૨૦૨૧/એસએફએસ-૩૬૯-વ-જ પરિપત્ર અને રાજય સરકાર તથા નેશનલ મેડીકલ કમિશનના સૂચવેલ લાયકાતના ધોરણો પરિપૂર્ણ થતા હોય તેવા ઈચ્છુક ઉમેદવારોએ નીચે પ્રમાણે ના કાર્યક્રમ મુજબ ઉપસ્થિત રહેવાનુ રહેશે.

| તારીખ | સમય | સ્થળ | નીચે મુજબના NEET PG -2021 ALL INDIA RANK ધરાવતા ઉમેદવારો |
|---|---|---|---|
| ૧૪/૧૨/૨૦૨૧ (મંગળવાર) | બપોરે ૨:૦૦ કલાકે | કસોટી ભવન(Examination Hall), ગ્રાઉન્ડ ફ્લોર, પી.એસ.એમ વિભાગની બાજુમાં, બી.જે.મેડીકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ | 1 to 10000 |

સ્વલેખિત અરજી સાથે નીચે જણાવ્યા મુજબના પ્રમાણપત્રોની Self attested (સ્વપ્રમાણિત) નકલો સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

૧) ૧ પાસપોર્ટ સાઇઝનો ફોટો
૨) નીટ પી.જી ૨૦૨૧ સ્કોર કાર્ડ
૩) ફાઈનલ યર એમ.બી.બી.એસની માર્કશીટ
૪) ઈન્ટર્નશીપ કમ્પલીશન સર્ટીફીકેટ
૫) પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (ગુજરાત મેડીકલ કાઉન્સીલ)
૬) આધાર કાર્ડ

ઉમેદવાર હાજર ન રહી શકે તો તેના પ્રતિનિધિએ Authority letter અને ઉમેદવારની સ્વલેખિત અરજી તેમજ ઉપરોક્ત પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

દરેક ઉમેદવારે ઉપરોક્ત તમામ પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે. જો કોઇ ઉમેદવાર ઉપરોક્ત પ્રમાણપત્રોમાંથી કોઈપણ પ્રમાણપત્ર રજુ નહી કરે તો તેવા ઉમેદવારને Eligible ગણવામાં આવશે નહી અને તેને બેઠકની ફાળવણી કરવામાં આવશે નહી.

ઉમેદવારે નિમણુક મેળવ્યાથી ૨૪ કલાકમાં હાજર થવાનુ રહેશે. જો કોઈપણ ઉમેદવાર ૨૪ કલાકમાં હાજર થશે નહી તો તેમની નિમણૂક આપોઆપ રદ્દ થઈ જશે.

જો ઉપરોક્ત પ્રક્રિયા દરમ્યાન બેઠકો ખાલી રહેશે તો NEET PG-2021 ALL INDIA RANK ના ૧૦૦૦૧ થી શરૂ થતા આગળના ઉમેદવારોને બોલાવવામાં આવશે જેનો વિગતવાર કાર્યક્રમ પછીથી જાહેર કરવામાં આવશે જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

નિયામક
તબીબી અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન
બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ

સરકારી મેડીકલ કોલેજો ખાતે મંજુર થયેલ પી.જી. સીટોમાંથી ૫૦% સીટો પર જુનીયર રેસીડેન્ટ ડોકટરોને માસિક રૂ.૬૩,૦૦૦/- ના વેતન સાથે નિમણુંક આપવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:- એમસીજી/૧૦૨૦૨૧/એસએફએસ-૩૬૯-વ-જ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૧૨/૨૦૨૧

**-:ઠરાવ:-**

રાજ્યમાં નામ. સુપ્રિમ કોર્ટમાં પડતર કેસના કારણે મેડીકલના અનુસ્નાતક વિધ્યાર્થિઓના એડમીશન થઇ શકેલ નથી. આમ મેડીકલ કોલજો ખાતે અનુસ્નાતક વિધ્યાર્થિઓના એડમીશન થયેલ ન હોઇ મેડીકલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોમાં રેસીડેન્ટ ડોકટરોની ઘટ સર્જાયેલ છે. આ ઘટ પૂરવા માટે જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક કરવાની માંગણી સાથે રેસિડેન્ટ ડોકટરો હડતાલ પર ગયેલ છે. વધુમાં રેસીડેન્ટ ડોકટરોની ઘટ ના કારણે મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલોમાં દર્દી લક્ષી સેવાઓને પણ વિપરિત અસર થયેલ છે. સદર ઘટને પહોચી વળવા જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી સરકારી મેડીકલ કોલેજો ખાતે મંજુર થયેલ કુલ પી.જી. સીટોમાંથી ૫૦% સીટો પર જુનીયર રેસીડેન્ટ ડોકટરોને માસિક રૂ.૬૩,૦૦૦/- ના ફિક્સ વેતન સાથે ૩ માસ માટે અથવા જયા સુધી અનુસ્નાતક રેસીડેન્ટના એડમીશન થાય, તે બન્નેમાંથી જે વહેલુ હોય ત્યા સુધી નિમણુંક આપવા નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણૂક તદ્દન હંગામી અને કરારીય રહેશે તથા પી.જી. રેસીડેન્ટના એડમીશન થયેથી ઉક્ત નિમણૂક આપોઆપ રદ થયેલ ગણાશે.
2. સદર નિમણુક અન્વયે કરેલ સેવા અન્વયે અન્ય કોઇ સેવાકીય/નાણાકિય લાભ મળવા પાત્ર થશે નહિ.
3. સદર સેવા બદલ જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોને માસિક રૂ.૬૩,૦૦૦/- ફિક્સ વેતન મળશે તેના ઉપર અન્ય કોઇ ભથ્થા મળવાપાત્ર થશે નહી.
4. સદર નિમણુક મેડીકલ કોલેજના ડીનશ્રી/પી.જી. ડાયરેક્ટરશ્રી દ્વારા કરવાની રહેશે
5. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણૂક નીટ પીજીના સ્કોરના આધારે કરવાની રહેશે

Scanned with CamScanner

6. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક બાદ તેઓને તબીબી અધિક્ષકના હવાલે મુકવાના રહેશે અને સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોએ ક્લિનીકલ ફરજો બજાવવાની રહેશે
7. સબંધિત નિયમિત પ્રાધ્યાપકોએ ઉક્ત નિમણૂક પામનાર ડોક્ટરોની કામગીરીનુ સતત નિરીક્ષણ,દેખરેખ,અને માર્ગદર્શન કરવાનું રહેશે. અને તે અંગેનો રીપોર્ટ સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગની તા. ૦૮/૧૨/૨૦૨૧ ની નોંધથી તથા સરકારશ્રીની તા.૦૯/૧૨/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી બી રાઠોડ)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માનનિય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય મંત્રીશ્રી,(નાણા)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય મંત્રીશ્રી,(આરોગ્ય)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય , તબીબી સેવાઓ એને તબીબી શિક્ષણ, બ્લોક -૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી, (ત.શિ.), બ્લોક૪-૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ડીનશ્રી/તબીબી અધિક્ષકશ્રી,સરકારી મેડીકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ, અમદાવાદ, સુરત,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર
- પી જી નિયામકશ્રી,બી જે મેડીકલ કોલેજ, અમદાવાદ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ, સુરત,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૧

Scanned with CamScanner